| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૩/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૪ |

**રાજકોટના મહે. બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૬૫૧/૨૦૨૬.**

**આંકઃ ૧૧**

**અરજદાર.**

**મિલન રામભાઇ પીઠીયા,**
ઉ.વ. પુખ્ત, વ્યવસાયઃ પ્રા. નોકરી,
રહે. લાઇટ હાઉસ, સરકારી આવાસ એપાર્ટમેન્ટ,
વીંગ નંબરઃ ૦૫, ફ્લેટ નંબરઃ ૩૦૭, રાજકોટ.
(**હાલઃ સેન્ટ્રલ જેલ–રાજકોટ**)

**–// વિરૂધ્ધ //–**

**સામાવાળા.**

**૧. શ્રી સરકાર.**

**૨. મુળ ફરિયાદી.**

**બાબતઃ બીએનએસએસ કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી..**

**વકિલશ્રીઓઃઃ**
અરજદાર તરફે વિદ્વાન વકિલશ્રી જે. એમ. સભાડ.
સામાવાળા તરફે વિદ્વાન એપીપીશ્રી એ.એ. સોસન.
મુળ ફરિયાદી તરફે વિદ્વાન વકિલશ્રી ડી. પી. વ્યાસ.

## – ચુ કા દો –

૧. આ કામના અરજદાર/આરોપીની રાજકોટ શહેર, ગાંધીગ્રામ–૨, (યુનિ.) પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૩૨૬૦૨૧૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૬૯ તેમજ એટ્રોસીટી એક્ટની કલમ ૩(૨)(૫) મુજબના ગુનાના કામે ધરપકડ કરેલ હોય અને અરજદાર/આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં હોય અરજદારે હાલની અરજી બીએનએસએસની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે દાખલ કરેલ છે.

૨. આ જામીન અરજીની નોટીસ સામાવાળાને બજતા સરકારશ્રી વતી એ.પી.પી.શ્રી એ. એ. સોસન હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું આંક ૦૬ થી રજુ રાખવામાં આવેલ છે. મુળ ફરિયાદી તરફે વિદ્વાન વકિલશ્રી ડી. પી. વ્યાસ હાજર થયેલ છે.

અરજદાર/આરોપી તરફે આંક–૩ ના લીસ્ટથી રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી જે. એમ. સભાડની તેમજ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એ. એ. સોસનની મૌખિક દલીલો રૂબરૂ સાંભળી. મુળ ફરિયાદી તરફે રજુ આંક ૧૦ ના લેખિત વાંધાઓ ધ્યાને તથા વંચાણે લીધા.

3. અરજદાર તરફે તેમની લેખિત દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપીએ કોઈ ગુનો કરેલો નથી તેમ છતાં અરજદાર/આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. ફરિયાદ મુજબ કહેવાતો બનાવ તારીખઃ ૨૯/૦૫/૨૦૨૪ થી

તારીખઃ ૩૧/૦૫/૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન બનેલ છે જ્યારે ફરિયાદ તારીખઃ ૨૬/૦૫/૨૦૨૬ ના રોજ બનેલ છે અને મોડી ફરિયાદ કરવા અંગેનો કોઇ ખુલાશો કરવામાં આવેલ નથી. વધુમાં ભોગબનનારની ઉંમર ૩૦ વર્ષની છે અને અરજદારની ઉંમર ૩૦ વર્ષની છે. વધુમાં ફરિયાદની હકીકતો વંચાણે લેતા બીએનએસ કલમ ૬૯ ના તત્વો આકર્ષાતા નથી. વધુમાં અરજદારનો કોઇ ગુન્હાહિત ઈતિહાસ નથી. અરજદાર/આરોપી વર્ષોથી રાજકોટ મુકામે રહે છે, કુટુંબ–કબીલાવાળા માણસ છે અને કમાનાર મુખ્ય વ્યક્તિ છે, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. અરજદાર નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે. આ ઉપરોકત તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદારને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાની રજુઆત કરેલ છે. વધુમાં અરજદાર તરફે તેમની રજુઆતના સમર્થનમા નીચે મુજબનો ચુકાદો રજુ રાખવામાં આવેલ છે.

૧) **ક્રિમિનલ અપીલ નંબરઃ /૨૦૨૫ [Arising out of SLP (Crl. No.** 10044 **of** 2025] **(એસ.સી.) અમોલ ભાગવાન નેહુલ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર.**
૨) **આર/ક્રિમિનલ અપીલ નંબરઃ ૭૮૮/૨૦૨૫, (ગુજ. હા.) ચંદુભાઈ વશરામભાઈ સરધારા વિ. સ્ટેટ ઓફ ગુજરાત.**
૩) **આર/ક્રિમિનલ અપીલ નંબરઃ ૨૧૨૩૭/૨૦૧૯,(ગુજ. હા.) માર્શલ અમુભાઈ વડારીયા વિ. સ્ટેટ ઓફ ગુજરાત.**

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ–૬૯ મુજબનો ગુનો નોંધાયેલો છે. ફરિયાદની હકીકત મુજબ આ કામના ફરિયાદીને આરોપીએ લગ્નની લાલચ આપી હોટલ નોવા સાઈન કાલાવડ રોડ જડુશ હોટલની બાજુમાં તથા લાઈટ હાઉસ

વાળા મકાને લઈ જઈ જુદા જુદા સમયે આરોપી પોતે પરણીત હોવાની હકિકત છુપાવી ફરિયાદીને ખોટા બહાના, લાલચ આપી ફરિયાદી અનુસુચિત જનજાતીના સભ્ય હોવા અંગેની હકીકતની જાણ હોવા છતા ફરિયાદી સાથે શરીર સંબંધ બાંધી તેમ કરી આરોપીએ ગુન્હો આચરેલ છે અને અરજદાર/આરોપી ગંભીર ગુન્હામાં પ્રથમથી જ સંડોવાયેલ છે અને અરજદાર વિરુદ્ધ પ્રથમદર્શનીય પુરાવો છે. વધુમાં ગુન્હાની તપાસ હાલ ચાલુ છે. અરજદારે ભોગબનનારને લગ્ન કરવાનુ પ્રોમીસ આપેલ હોવા છતા અન્ય વ્યક્તિ સાથે લગ્ન કરી ફરિયાદી સાથે વિશ્વાસઘાત કરેલ છે અને લગ્ન કરવાના બહાને ફરિયાદીની મરજી વિરુદ્ધ અવારનવાર શરીર સંબંધ બાંધેલ છે. જે તમામ હકીકતો ધ્યાને લઇ અરજદારની જામીન અરજી રદ કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

**૪.૧** મુળ ફરિયાદી તરફે આંક ૧૦ થી રજુ લેખિત વાંધાઓમાં મુખ્યત્વે જણાવેલ છે કે અરજદારે મુળ ફરિયાદી સાથે સંપર્ક બનાવી પ્રેમનો પ્રસ્તાવ મુકી લગ્ન કરવાની લાલચ આપી ફરિયાદીની ઇચ્છા વિરુદ્ધ શરીર સંબંધ બાંધી ફરિયાદી સાથે લગ્ન નહિ કરી, છેતરપીંડી કરી ગંભીર પ્રકારનો સમાજ વિરોધી ગુન્હો આચરેલ છે. વધુમાં અરજદાર માથાભારે સ્વભાવના છે તેમજ રાજકીય લાગવગ વાળા વ્યક્તિ હોય, જો અરજદારને જામીન પર મુક્ત કરવામાં આવશે તો સમાધાન કરાવવા માટે દબાણ કરે તેમ હોય જેથી અરજદારની હાલની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

**૫.** સદર કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા અરજી અન્વયેના રીપોર્ટથી જે હકીકતો જાહેર કરેલ છે તે ધ્યાને લીધી. અત્રેની અદાલત "જામીન એ નિયમ અને જેલ એ અપવાદ" ના સિધ્ધાંતથી વાકેફ છે. વળી, આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી

શિક્ષા પણ થઈ શકે તેવા ગુનામાં સંડોવાયેલ આરોપી પણ પોતાનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણ તે જામીન અરજી મંજૂર કે નામંજૂર કરવાનું નિર્ણાયક પરિબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે એ છે કે, આરોપીનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનામાં ભાગીદારી, બનાવ જેવા ગુનાનું ફરી વખત પુનરાવર્તન થવાની શકયતા, જામીનની દયાનો દુરૂપયોગ થવાની શકયતા, આરોપીની વ્યક્તિગત સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી વગેરે જેવા પરિબળો અદાલતે ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાંથી એકાદ પરિબળ પણ આરોપીને જામીન ઉપર છૂટવા સમર્થનકર્તા ન હોય તો આરોપી જામીન ઉપર છૂટવાના હકકો ગુમાવી બેસે છે.

૬. જામીન અરજીમાં જણાવેલી હકીકતો તેમજ આંક–૩ ના લીસ્ટ સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. પક્ષકારોના વિદ્ધાન વકિલશ્રીઓની દલીલો સાંભળી. સદર જામીન અરજી પરત્વે નીચેના કારણો અત્રેની કોર્ટ દ્ધારા ધ્યાને લેવામાં આવેલ છે.

૬/૧. ફરિયાદની હકીકતો વંચાણે લેતા ફરીયાદી આરોપી/અરજદારને ત્યાં જન ઔષધાલયમાં દવા લેવા જતા હોય તે દરમ્યાન પ્રેમ સંબંધ બંધાયેલ હોય અને અરજદાર/આરોપીએ ફરીયાદીને લગ્ન કરવાનો વિશ્વાસ આપી ફરીયાદીને નોવા સાઇન હોટેલમાં તેમજ પોતાના

રૂમ પર લઇ જઇ અવાર નવાર શરીર સંબંધ બાંધી, ફરીયાદી સાથે લગ્ન નહિ કરી અરજદારે બી.એન.એસ.ની કલમ–૬૯ તેમજ એટ્રોસીટી એકટની કલમ ૩(૨)(૫) મુજબનો ગુન્હો કરેલ હોવાના આક્ષેપ છે.

૬/૨. તપાસ કરનાર અમલદારના સોગંદનામાની હકીકતો મુજબ ભોગબનનારની ઉંમર ૩૦ વર્ષની અને અરજદારની ઉંમર ૨૫ વર્ષની હોવાનુ જણાય આવે છે.

૬/૩. અરજદાર તારીખઃ ૨૬/૦૨/૨૦૨૬ થી જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારનો કોઇ ગુન્હાહિત ઇતિહાસ નથી.

૬/૪. આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઇ ધ્યાને લીધી.

૬/૫. આરોપી સ્થાનિક રાજકોટના રહેવાસી છે અને ચોકકસ શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે તેમ હુ માનુ છુ.

૬/૬. વધુમાં આ કામે અરજદાર તરફે રજુ રાખવામાં આવેલ ચુકાદાઓ ધ્યાને લેતા સીધેસીધા અરજદાર/આરોપીને લાગુ પાડી શકાય તેમ છે અને આરોપીને મદદકર્તા હોવાનું માની શકાય તેમ છે.

ઉપરોકત હકીકતોએ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા માટે ન્યાયિક ડીસ્ક્રેશન વાપરવું યોગ્ય અને ન્યાયિક

જણાતુ હોઈ અરજદાર/આરોપીની જામીન અરજી અંગેન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**-:: હુ ક મ ::-**

૧. અરજદાર/આરોપીની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

૨. અરજદાર/આરોપી **મિલન રામભાઈ પીઠીયા,** રહે. લાઈટ હાઉસ, સરકારી આવાસ એપાર્ટમેન્ટ, વીંગ નંબરઃ ૦૫, ફ્લેટ નંબરઃ ૩૦૭, રાજકોટ વાળાએ રૂા. ૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી તેઓને રાજકોટ શહેર, ગાંધીગ્રામ-૨, (યુનિ.) પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૩૨૬૦૨૧૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૬૯ તેમજ એટ્રોસીટી એક્ટની કલમ ૩(૨)(૫) અન્વયે નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

// <u>શ ર તો</u> //

૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહીં.

૨) અરજદાર/આરોપીએ પોલીસ તપાસના કામે પુરો સહકાર આપવો અને તપાસ કરનાર અમલદાર જ્યારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર રહેવુ.

૩) અરજદાર/આરોપીએ તેઓની વિરુદ્ધના કેસનો આખર નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી મેળવ્યા વગર ભારત દેશની હદ છોડવી નહીં.

૪) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવુ.

૫) અરજદાર/આરોપીએ પોતાના કાયમી રહેણાંકનું સરનામું લેખિત પુરસીસથી દસ્તાવેજી આધાર પુરાવા સાથે સંબંધિત કોર્ટ સમક્ષ રજુ કરવું અને તેમાં સંબંધિત કોર્ટની પરવાનગી વગર કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો નહીં.

ક) અરજદાર/આરોપીએ દિવસ–૭ માં પાસપોર્ટ સંબંધિત કોર્ટમાં જમા કરાવવો અન્યથા તે અંગેનું સોગંદનામું સંબંધિત કોર્ટમાં રજુ કરવું.

– જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.

– હુકમ અંગેની જરુરી યાદી કરવી.

હુકમ, આજ તારીખઃ ૧૬[મી], માહેઃ માર્ચ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૧૬/૦૩/૨૦૨૬.

**(તેજસ એસ. બ્રહ્મભટ્ટ)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ,
રાજકોટ.
(**UID:GJ00609**)

//phb//